ફોન : ૦૨૭૮ ૨૪૨૨૭૬૫

ક્રમાંક- નં.જરગઅ/૯૫૪૭ થી ૯૫૮૬/૨૦૧૯-૨૦

જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી,
બહુમાળી ભવન, એનેક્ષી જી-૨,
ભાવનગર શહેર.

તારીખ: ૦૮/૧૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા રમત ગમત અધિકારીશ્રી,
રાજકોટ ગ્રામ્ય/શહેર, જુનાગઢ ગ્રામ્ય/શહેર, ગીર સોમનાંથ, દેવભૂમિ દ્વારકા,
ભાવનગર ગ્રામ્ય, જામનગર શહેર/ગ્રામ્ય, અમરેલી, પોરબંદર. (સૌરાષ્ટ્ર ઝોન)

વિષય – સૌરાષ્ટ્ર ઝોન (પ્રદેશ) યુવા ઉત્સવ સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ.
તા. ૨૫,૨૬ નવેમ્બર ૨૦૧૯

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા વ્યવસ્થાપક સમિતિની રાહબરી નીચે જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમત ગમત અધિકારી કચેરી, ભાવનગર દ્વારા સંચાલિત સૌરાષ્ટ્ર ઝોન (પ્રદેશ) યુવા ઉત્સવ સ્પર્ધા ૨૦૧૯ આગામી તા: ૨૫,૨૬ નવેમ્બર ૨૦૧૯ દરમ્યાન પાલીતાણા મુકામે યોજવામાં આવનાર છે.

આપના જિલ્લામાંથી જિલ્લાકક્ષાએ પ્રથમ આવનાર કલાકારોની નિયત નમૂના સાથેની એન્ટ્રી ઈ-મેઈલ dsobhavnagarcity09@gmail.com પર તા.૧૫/૧૧/૨૦૧૯ સુધીમાં મોકલી આપવા વિનંતી.

**-:: વિગતવાર કાર્યક્રમ ::-**

- સ્પર્ધા તારીખ : ૨૫, ૨૬ નવેમ્બર ૨૦૧૯
- રિપોર્ટિંગ તારીખ અને સમય : ૨૫/૧૧/૨૦૧૯ ના રોજ સવારે ૧૧:30 કલાક સુધીમાં.
  બપોરે ૦૨:૦૦ કલાકે સ્પર્ધા શરૂ થઈ જશે.
- કાર્યાલય /સ્પર્ધા સ્થળ : પાલીતાણા હાઈસ્કુલ, તળેટી રોડ, પાલીતાણા.
- નિવાસ વ્યવસ્થા : કાર્યાલય પરથી જાણ કરવામાં આવશે.
- સંપર્ક નંબર : (૧) વિશાલ ડી જોષી(A.P.O.) – ૭૦૧૬૦૪૭૪૦૭,
  (૨) ભાસ્કરભાઈ વ્યાસ – ૯૦૧૬૨૦૬૭૬૪, (3) હરેશભાઈ મેતલિયા – ૯૯૦૯૩૧૭૭૧૭

## જરૂરી સૂચનાઓ :-

- **જિલ્લા ટીમ મેનેજર રિપોર્ટિંગ સમયે અચૂકપણે હાજર રહેવાની સૂચના આપવી.**
- ૠતુ અનુસાર ઓઢવા-પાથરવાનું સાથે લાવવું.
- સ્પર્ધકે પોતાનું ફોટા સાથેનું આઈકાર્ડ (આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, પાનકાર્ડ પૈકી એક ઓરિઝનલ) સાથે લાવવું.
- આપની એન્ટ્રી જન્મ તારીખ સાથેની મોકલવી.
- સ્પર્ધકોને આવવા જવાનું એસ.ટી. (લગઝરી સિવાઈ) બસનું ભાડું આપવામાં આવશે.
- સ્પર્ધા સ્થળે શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે. અશિસ્ત કરનારને સ્પર્ધામાંથી રદબાતલ કરવામાં આવશે.
- જે તે કૃતિને અનુરૂપ આપની રજૂઆત હશે તો જ સ્પર્ધામાં ભાગ લેવામાં આવશે. અન્યથા આપને સ્પર્ધામાથી રદબાતલ કરવામાં આવશે.

(પાનાં નં-૨ ઉપર)

- એકાંકી/એકપાત્રીય અભિનયની સ્ક્રીપ્ટ અને લેખકની મંજૂરી ફરજીયાતપણે રજૂ કરવાની રહેશે.
- ભાગ લેનાર સ્પર્ધકોને સ્પર્ધા અગાઉ બે કલાક પહેલા રિપોર્ટ કરવાનો. સ્પર્ધાના સમય અને કાર્યક્રમમાં જરૂરી ફેરફાર આયોજક કરી શકશે.
- સ્પર્ધાનું પરિણામ પૂર્ણાહુતિ અથવા આયોજકો દ્વારા નક્કી થયા બાદ જાહેર કરવામાં આવશે.
- સ્પર્ધકો તથા ભાગ લેનાર સંસ્થાએ આયોજનમાં તથા આયોજક સંસ્થાને સહકાર આપવાનો રહેશે.
- ઉદ્ઘાટન કાર્યક્રમ અને પૂર્ણાહુતિ કાર્યક્રમમાં ફરજિયાત અને શિસ્તબધ્ધ રીતે બેસવાનું રહેશે.
- સ્પર્ધા સ્થળે ઉપલબ્ધ સગવડોનો જ ઉપયોગ કરવામાં આવશે, જેથી વધારાની કોઈ સગવડ મળશે નહીં.
- નિર્ણયકોનો નિર્ણય આખરી ગણાશે, જે તમામને બંધનકર્તા રહેશે. જેને પડકારી શકાશે નહીં.
- ભોજન/નિવાસ ફક્ત ભાગ લેનાર એન્ટ્રી મુજબના કલાકારો/સહાયક માટે જ કરવામાં આવશે. જેની જાણ તમામ કલાકાર/સંસ્થાને કરવી.
- સ્પર્ધા સ્થળે કે નિવાસ સ્થળે જરૂર પડે કોઈપણ રજૂઆત મેનેજર દ્વારા કરવામાં આવે તેવી ખાસ સૂચના આપવી. વાલીઓની રજૂઆત ધ્યાન પર લેવામાં આવશે નહીં.
- આપના જિલ્લામાંથી આવનાર ટીમ કે સ્પર્ધક સાથે આવનાર મેનેજર સાથે જ નાણાકીય વ્યવહાર ચેક દ્વારા કરવામાં આવશે, જેથી પ્રવાસ ખર્ચની વ્યવસ્થા કરી આવવાનું રહેશે. જેની જાણ સાથે આવનાર મેનેજરને કરવી.

આપનો વિશ્વાસુ

જિલ્લા યુવા વિકાસ અધિકારી

જિલ્લા રમત ગમત કચેરી

ભાવનગર

<u>સવિનય નકલ રવાના જાણ સારૂ.</u>

- માન. કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર.
- માન. યૂથબોર્ડ અધિકારીશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર.
- માન. સચિવશ્રી, રાજ્ય રમત ગમત પરિષદ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર.
- માન. કલેકટરશ્રી, ભાવનગર.
- માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભાવનગર.
- માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગર.
- માન. નાયબ કલેકટરશ્રી, પાલીતાણા.
- માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર.
- માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર
- માન. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, પાલીતાણા. (જરૂરી પોલીસ બંદોબસ્ત ફાળવવા સારૂ)
- માન. મામલતદારશ્રી, પાલીતાણા.
- માન. તાલુકા વિકાસ અધિકારીશ્રી, પાલીતાણા.
- માન. નાયબ માહિતી નિયામકશ્રી, ભાવનગર (વિના મૂલ્યે પ્રસિધ્ધિ અર્થે.)
- આચાર્યશ્રી, પાલીતાણા હાઇસ્કુલ, પાલીતાણા (યોગ્ય વ્યવસ્થા કરવા સારૂ.)
- પ્રિન્સિપાલશ્રી, શ્રીમતી.પી.એન.આર.શાહ મહિલા કોલેજ, પાલીતાણા (યોગ્ય વ્યવસ્થા કરવા સારૂ.)
- આચાર્યશ્રી, ચ.મો.વિદ્યાલય, પાલિતાણા. (હોલની વ્યવસ્થા કરવા સારૂ)

# જિલ્લાકક્ષા યુવા ઉત્સવ સ્પર્ધામાંથી વિજેતા થયેલ સ્પર્ધકોની પ્રદેશકક્ષામાં ભાગ લેવા માટેની યાદી

નોંધ – દરેક વિભાગ મુજબ અલગ પત્રક ભરવું.

| ક્રમ | સ્પર્ધક/ટીમનું નામ | સ્પર્ધાનું નામ | વિભાગ | જન્મ તારીખ | ઘરનું/શાળાનું સરનામું | સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

મેનેજરનું નામ ..............................................................................

સંપર્ક નંબર ..................................................................................

કચેરીના સહી/સિક્કા

# જિલ્લાકક્ષા યુવા ઉત્સવ સ્પર્ધામાંથી વિજેતા થયેલ સ્પર્ધકોની પ્રદેશકક્ષામાં ભાગ લેવા માટેની યાદી

## <u>સમૂહ ગીત, લોક નૃત્ય, એકાંકી (નાટક) સંસ્થા/ટીમ એન્ટ્રીનો નમૂનો</u>

સ્પર્ધાનું નામ ......................................................વિભાગ .........................................

ટીમ/શાળા/સંસ્થાનું નામ ................................................................................................

| ક્રમ | સ્પર્ધકનું નામ | જન્મ તારીખ | ઘરનું/શાળાનું સરનામું | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ટીમ મેનેજરનું નામ -..............................................

સંપર્ક નંબર -...................................

કચેરીના સહી/સિક્કા